# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૧૭૨ તા. ૩૧-૦૩-૨૦૧૬**

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે :-

દરેક મ્યુનિ. શાળાનાં મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, શાળાનાં અગત્યનાં રજિસ્ટરોમાં ઓફિસના સિક્કા લગાવવા માટે મુખ્ય ઓફિસે આવવુ પડે છે, તેને બદલે તા. ૦૧-૦૪-૨૦૧૬થી દરેક શાળાનાં મુખ્ય શિક્ષકશ્રીએ તેમની ઝોન ઓફિસેથી રજીસ્ટરમાં સિક્કા પડાવવાનાં રહેશે અને સિક્કા પડાવ્યા બાદ જે રજિસ્ટરમાં સિક્કા પડાવ્યા હોય તેમાં છેલ્લા પાને પ્રમાણપત્રમાં ઝોન આસિ.એ.ઓ.ની સહી કરાવવાની રહેશે.

તા. ૩૧-૦૩-૨૦૧૬

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

નોંધ :-

આ સાથે શાળામાં મોકલાવેલ બાંહેધરી પત્રકમાં જે નિવૃત્ત શિક્ષકો / ચાલુ શિક્ષકોને ઉચ્ચત્તર પગાર ધોરણના નાણાં આપવામાં આવેલ છે. તેઓને સદરહુ નાણાં મળ્યેથી જે-તે કર્મચારીએ બાંહેધરી પત્રક ભરીને નાણાંની મુખ્ય શિક્ષક પાસે ખરાઇ કરાવી જે-તે ઝોન ઓફિસે બિલક્લાર્કને મોકલવાના રહેશે. આ અંગેની વધારાની કોપી જરૂરિયાત મુજબ શાળા કક્ષાએ ઝેરોક્ષ કરાવવાની રહેશે. સદરહુ ભરાયેલ બાંહેધરી પત્રકની એક કોપી શાળા દફતરે પણ રાખવી.

| | |
|---|---|
| | **નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ** |

## નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ

શાળાનો સિક્કો

શાળાનું નામ :
જા.નં. : તા.

<u>બાંહેધરી પત્રક</u>

આથી હું .......................................... કર્મચારી નંબર ............ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની .......................... શાળામાં મદદનીશશિક્ષક / એચ.ટાટ આચાર્ય / મુખ્ય શિક્ષક છું. નિવૃત્ત કર્મચારી છું. મારો પેન્શન નંબર ............. છે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા ઉચ્ચત્તર પગાર ધોરણના એરિયર્સના નાણાં ચૂકવવામાં આવ્યા છે.

આ નાણાં જો મને મારાં હક્ક કરતાં વધારે મળ્યા હશે તો હું પરત જમા કરાવવાની બાંહેધરી આપું છું. મને અગાઉ મળ્યા હશે તો હું ચકાસણી કરી લઈશ અને ગણતરીમાં ભુલથી કદાચ પુનઃ મને વધારે મળ્યા હશે તો પરત કરવાની બાંહેધરી આપું છું.

સરકારી પૈસા મારા ખાતામાં વધારે આવે અને તે સમયસર હું પરત ન કરું તો ગુન્હાને પાત્ર ગણાય છે અને આવા નાણાં પરત કરવામાં હું વિલંબ કરુ તો કચેરી દ્વારા જે દંડ કે નિર્ણય કરવામાં આવે તે મને બંધનકર્તા રહેશે. તે મારી જાણમાં છે. તેની પણ આ બાંહેધરી પત્રક દ્વારા ખાતરી આપું છું.

મારું પુરૂ નામ :- ...................................................
શાળાનું નામ :- ...................................................
નોકરીના વર્ષ :- ....................... બાકી નોકરીના વર્ષ :- ....................
બેંક એકાઉન્ટ નંબર :- .................................
પેન્શન એકાઉન્ટ નંબર :- ...............................
( પેન્શનર હોય તો )
મોબાઈલ નંબર :- ...............................
ઘરનું સરનામું :- ..................................................
..................................................
..................................................

સહી : | સહી :
મુખ્ય શિક્ષકનું નામ : | નાણાં લેનાર કર્મચારી / શિક્ષકનું નામ :
સિક્કો | હોદ્દો :

નોંધ :- જે શિક્ષકને ઉચ્ચત્તર પગારધોરણના એરિયર્સના નાણાં મળે તેને ૧૦ એપ્રિલ સુધીમાં જે તે ઝોનમાં આ બાંહેધરી પત્રક બીટ ક્લાર્કને આપવું. બીટ ક્લાર્કે ખરાઈ કરીને સુપરવાઈઝર, ઝોન એ.ઓ.ની ખરાઈ-ગણતરી કરાવી શાળા પ્રમાણે શાસનાધિકારીશ્રીને ૧૫-૪-૨૦૧૬ સુધીમાં બંચ પહોંચાડી દેવો.